| GJMR040026772023 | | |
|---|---|---|
| દાખલ તારીખ | ૦૧/૧૨/૨૦૨૩ | |
| રજી. તારીખ | ૦૧/૧૨/૨૦૨૩ | |
| ફેસલ તારીખ | ૨૬/૦૫/૨૦૨૬ | |
| સમયગાળો | વર્ષ ૦૨ | માસ ૦૫ | દિવસ ૨૫ |

**વાંકાનેરના મહે. એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું.વાંકાનેર, જી. મોરબી.**

**ફો.કેસ.નં. ૨૧૦૮/૨૦૨૩**
**આંક–**

**ફરીયાદી:–** **નજરૂદીન અલીભાઇ બાદી**
ઉવ:૭૬,ધંધો:ડ્રાઇવીંગ,
રહે.મહીકા,તા.વાંકાનેર,જી.મોરબી.

**વિ રૂ દ્ધ**

**આરોપી:–** **વાટુકીયા જગદીશભાઇ ખીમાભાઇ**
ઉવ:૨૦,ધંધો:ખેતીકામ,
રહે.શેખરડી,તા.વાંકાનેર,જી.મોરબી.

**ગુનો :–ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ ફરીયાદ**

.......................................................................................

ફરીયાદપક્ષ તર્ફે : વિ.વકીલ શ્રી એસ.વી.પરાસરા

આરોપી તર્ફે : વિ.વકીલ શ્રી એમ.કે.વોરા

.......................................................................................

**–:: જજમેન્ટ ::–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી અને આરોપી વર્ષોથી એક બીજાને ઓળખતા હોય અને મીત્રતાના સંબંધ હોય છે.આરોપીને ખેતી તથા સામાજીક પ્રસંગ માટે નાંણાની જરૂરીયાત હોય ફરીયાદી પાસે હાથ ઉછીના રૂા.૧,૫૨,૦૦૦/– ની માંગણી કરેલ. તેમજ સામેથી આરોપીએ ઉછીના રૂપીયા લઈને લખાણ કરી આપવાનું કહેતા ફરીયાદીએ આરોપીની માંગણી મુજબ રૂા.૧,૫૨,૦૦૦/– આરોપીને રોકડા હાથ ઉછીના વાંકાનેર ખાતે આપેલ છે અને આરોપી બન્ને વચ્ચે સંબંધની ખાત્રી થાય તેવા હેતુથી તા.૧૫–૪–૨૦૨૩ " ના રોજ નોટરીશ્રી સમક્ષ પ્રોમીશરી નોટ લખી આપી કરાર કરી સમજુતી કરેલ છે અને તે સમજુતી મુજબ આ રકમ આરોપીએ ફરીયાદીને ૯૦ દીવસમા પરત આપવાની હતી. આ રકમ ચુકવવા આરોપીએ ફરીયાદીને એકસીસ બેન્ક વાંકાનેર શાખાના ખાતાનો નો ચેક નં.૨૧૦૮૯૮ થી રકમ રૂા.૧,૫૨,૦૦૦/– નો સહી કરીને આપેલ.ફરીયાદીએ બેન્ક ઓફ બરોડા વાંકાનેર શાખામા તા.૨૨–૯–૨૦૨૩ ના રોજ જમા કરાવતા સદરહું ચેક ફ્ન્ડસ ઈન્સફીસીયન્સ ના શેરા સાથે તા.૨૭–૯–૨૦૨૩ ના રોજ રીટર્ન મેમા સહીત પરત ફરેલ છે. ત્યારબાદ આરોપીને તા.૨૦–૧૦–૨૦૨૩ ના રોજ રજી.એ.ડી.થી અમોના વકીલશ્રી મારફત નોટીસ મોકલાવતા તા.૨૧–૧૦–૨૦૨૩ ના રોજ બજી ગયેલ હોવા છતા ચેક મુજબની લેણી રકમ વસુલ આપેલ ન હોય જેથી આરોપી સામે હાલની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ (જેને હવે પછી ઠરાવમાં એન.આઈ.એકટ તરીકે ઉલ્લેખ કરેલ છે)ની કલમ–૧૩૮ મુજબ ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદીનુ વેરીફેકેશન ધ્યાને લેતા આરોપી વિરુધ્ધ પ્રથમ દર્શનીય પુરાવો હોય મારા પુરોગામી ન્યાયધીશશ્રીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (જેને હવે પછી ઠરાવમાં સંહિતા તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ ૨૨૭ મુજબ એન.આઈ.એકટની કલમ ૧૩૮ મુજબના ગુનાનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૨) આરોપીને પ્રોસેસ બજી જતાં તેઓ તેમના વિ.વકીલશ્રી સાથે હાજર થયેલા છે અને આરોપીને ફરીયાદ તથા દસ્તાવેજોની નકલો આરોપીને આપ્યા બાદ આરોપીની સંહિતાની કલમ ૨૭૪(૧) મુજબ આંક– ૦૬ થી પ્લી લેવામાં આવતા આરોપીએ એન.આઈ.એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાનો ઈન્કાર કરતાં કેસ આગળ ચલાવવામાં આવેલો અને સદર કામ ફરીયાદપક્ષના પુરાવાના માટે રાખવામાં આવેલ.

(૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**મૌખિક પુરાવો**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી નજરૂદીન અલીભાઇ બાદી ની જુબાની | ૦૪ |

**દસ્તાવેજી પુરાવો**

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રોમીસરી નોટ | ૧૫ |
| ૨ | અસલ ચેક | ૧૬ |
| ૩ | જમા સ્લીપ | ૧૭ |
| ૪ | રીટર્ન મેમો | ૧૮ |
| ૫ | લીગલ નોટીસ | ૧૯ |
| ૬ | રજી.એડી.ની પહોંચ | ૨૦ |
| ૭ | એકનોલેજમેન્ટ સ્લીપ | ૨૧ |

(૪) આ કામે ફરીયાદપક્ષ પક્ષે વધુ કોઈ પુરાવા રજુ કરેલ નથી.ફરીયાદ પક્ષના પુરાવા બાદ આરોપીના વિશેષ નીવેદન માટે કામ રાખવામાં આવેલ હોવા છતા આરોપી હાજર નહી રહેતા આરોપીનો એફ.એસ.નો હક બંધ કરી કેશની કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરેલ છે.

(૭) ફરીયાદી તર્ફે વિ.વ.શ્રી નાઓએ મૌખીક દલીલ કરી જણાવેલ છે કે, ફરીયાદી અને આરોપી વર્ષોથી એક બીજાને ઓળખતા હોચ અને મીત્રતા હોચ આરોપીને ખેતી તથા સામાજીક પ્રસંગ માટે નાંણાની જરૂરીયાત હોચ ફરીયાદી પાસે હાથ ઉછીના રૂા.૧,૫૨,૦૦૦/– ની માંગણી કરતા આરોપીની માંગણી મુજબ રૂા.૧,૫૨,૦૦૦/– રોકડા હાથ ઉછીના તા.૧૫–૪–૨૦૨૩ ના રોજ નોટરી સમક્ષ પ્રોમીશરી નોટ લખી ૯૦ દીવસમા પરત કરવાની શરતે આપેલ હતા. આ રકમ ચુકવવા આરોપીએ ફરીયાદીને એકસીસ બેન્ક વાંકાનેર શાખાના ખાતાનો નો ફરીયાદ વાળો ચેક આપેલ હતો. જે ચેક ફરીયાદીએ તેની બેંકમાં જમા કરાવતા

પરત ફરેલ.જેથી ચેકની રકમ ચુકવી આપવા નોટિસ આપેલ હોવા છતા રકમ ચુકવી આપેલ ન હોય ફરીયાદ કરેલ છે.ફરીયાદીની પ્લી થયા બાદ હાજર રહેલ નથી.જેથી ફરીયાદીની ઉલટ તપાસ કરેલ નથી.તેમજ એફ.એસ.માટે પણ હાજર રહેલ નથી.જેથી ફરીયાદીના પુરાવાનુ ખંડન કરેલ ન હોય આરોપીને સજા કરવા તથા ચેકની રકમ વળતર તરીકે ચુકવી આપવા રજુઆત કરેલ છે.

(૬) આરોપી તર્ફે વિ.વ.શ્રી એ દલીલ કરેલ ન હોય દલીલનો હક બંધ કરવામાં આવેલ છે.

(૭) ઉપરોકત હકીકતો ઘ્યાને લેતા મારા નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થયેલ છે.

**:: મુદ્દા ::**

(૧) શું ફરીયાદી સાબીત કરે છે કે, આંક–૧૬ વાળો અસલ ચેક, આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે ફરીયાદીને આપેલ છે ?

(૨) શું ફરીયાદી સાબીત કરે છે કે,આરોપીએ એન.આઈ.એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

(૩) શું હુકમ ?

( ૯ ) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

૧. હકારમાં

૨. હકામાં

૩. આખરી હુકમ મુજબ.

( ૧૦ ) ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ આપવામાં આવેલ છે.

**// કારણો //**

**મુદ્દા નં.૧ તથા ૨ ના જવાબના કારણો :–**

એ પ્રસ્થાપિત હકીકત છે કે, ચેક એ વિનીમયપત્ર છે અને વિનીમયપત્ર

અન્વયે એન.આઈ.એકટની કલમ ૧૧૮ મુજબ નો વિરુઘ્ઘનુ પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ, સ્વીકારવાનો સમય, તબદીલીનો સમય, શેરાઓના ક્રમ, ગુમ થયેલ વિનિમયપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સબંઘે અને તેનો ઘારણકર્તા કાયદેસરનો ક્રમિક ઘારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન ઘારણા કરી લેવામાં આવશે. તેવી જ રીતે એન.આઈ.એકટની કલમ–૧૩૯ મુજબ વંચાણે લેતા તેમા પણ જયા સુઘી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે, ચેકના ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ ચેક, કોઈપણ દેવુ અથવા અન્ય જવાબદારીને પુરેપુરી અથવા અંશત: માટે મેળવ્યો હતો આમ, કલમ–૧૩૯ ની જોગવાઈઓ જોતા ઘારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનુ ફલીત થાય છે.તેવી જ રીતે એન.આઈ.એકટની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યકિત વિનીયમપત્ર ઉપર સહી કરી આપે અને તે સંપુર્ણ ક્રોસ હોય કે અપુર્ણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રથમ દર્શનીય રીતે અન્ય વ્યકિતને એવી સતા હસ્તાંતર કરે છે કે, તેમાંની અપુર્ણ વિગત અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપુર્ણ કરી લઈ વિનીયમચપત્ર ઉપયોગમાં લેવાનો છે.આમ,ઉપરોકત નોંઘેલ કલમ ૧૧૮, ૧૩૯ અને ૨૦ અન્વયે ઉપલબ્ઘ કાનુની અનુમાન અને ઘારણા હાથ ઉપર ના કેશમાં,ફરીયાદી વિનિમયપત્રનો ઘારણકર્તા હોવાનુ માનવાને સબળ કારણ રહે છે.એ સાચુ છે કે,કાનુની અનુમાન અને ઘારણા ખંડનીય પ્રકારની છે અને આવી ખંડન કરવાની જવાબદારી બચાવ પક્ષે રહેલ છે. **ક્રિષ્ણા જનાર્દન ભટ વિ.દત્તાત્રય જી. હેગડે ૨૦૦૮(૪)એસસીસી ૫૪ ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે,** section 138 of the Negotiable Instruments Act as three ingredients viz. (i) that there is a legally enforceable debt; (ii) that the cheque was drawn from the account of bank for discharge in whole or in part of any debt or other liability which presupposes a legally enforceable debt; and (iii) that the cheque so issued had been returned due to insufficiency of funds.

**(૧૧)** આ કામના ફરીયાદી નજરૂદીન અલીભાઈ બાદી નાઓએ આંક:૪ થી મૌખીક પુરાવો રજુ કરેલ છે.જેમાં ફરીયાદી અને આરોપી વર્ષોથી એક બીજાને ઓળખતા હોય અને મીત્રતાના

સંબંધ હોય છે.આરોપીને ખેતી તથા સામાજીક પ્રસંગ માટે નાંણાની જરૂરીયાત હોય ફરીયાદી પાસે હાથ ઉછીના રૂા.૧,૫૨,૦૦૦/– ની માંગણી કરેલ. તેમજ સામેથી આરોપીએ ઉછીના રૂપીયા લઈને લખાણ કરી આપવાનું કહેતા ફરીયાદીએ આરોપીની માંગણી મુજબ રૂા.૧,૫૨,૦૦૦/– આરોપીને રોકડા હાથ ઉછીના વાંકાનેર ખાતે આપેલ છે અને આરોપી બન્ને વચ્ચે સંબંધની ખાત્રી થાય તેવા હેતુથી તા.૧૫–૪–૨૦૨૩ " ના રોજ નોટરીશ્રી સમક્ષ પ્રોમીશરી નોટ લખી આપી કરાર કરી સમજુતી કરેલ છે અને તે સમજુતી મુજબ આ રકમ આરોપીએ ફરીયાદીને ૯૦ દીવસમા પરત આપવાની હતી. આ રકમ ચુકવવા આરોપીએ ફરીયાદીને એકસીસ બેન્ક વાંકાનેર શાખાના ખાતાનો નો ચેક નં.૨૧૦૮૯૮ થી રકમ રૂા.૧,૫૨,૦૦૦/– નો સહી કરીને આપેલ.ફરીયાદીએ બેન્ક ઓફ બરોડા વાંકાનેર શાખામા તા.૨૨–૯–૨૦૨૩ ના રોજ જમા કરાવતા સદરહું ચેક ફન્ડસ ઈન્સફીસીયન્સ ના શેરા સાથે તા.૨૭–૯–૨૦૨૩ ના રોજ રીટર્ન મેમા સહીત પરત ફરેલ છે. ત્યારબાદ આરોપીને તા.૨૦–૧૦–૨૦૨૩ ના રોજ રજી.એ.ડી.થી અમોના વકીલશ્રી મારફત નોટીસ મોકલાવતા તા.૨૧–૧૦–૨૦૨૩ ના રોજ બજી ગયેલ હોવા છતા ચેક મુજબની લેણી રકમ વસુલ આપેલ ન હોય જેથી આરોપી સામે હાલની ફરીયાદ કરેલાનુ જણાવેલ છે.

આરોપી તર્ફે ફરીયાદીની ઉલટ તપાસ કરેલ નથી.

**(૧૧)**આરોપી સામે આક્ષેપાયેલ એન.આઈ.એકટની કલમ ૧૩૮ ની જોગવાઈ જોવામાં આવે તો....

**Section 138 in The Negotiable Instruments Act, 1881** Dishonour of cheque for insufficiency, etc., of funds in the account. —Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for [19] [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both: Provided that nothing contained in this section shall apply unless—

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [20] [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

**Explanation.— For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.]**

ઉપરોકત જોગવાઈ મુજબ કોઈ વ્યકિતએ પોતાના ખાતાનો ચેક સમગ્ર અથવા અશંત: દેવા અથવા જવાબદારી અદા કરવા માટે પોતે નીભાવતો હોય તેવા ખાતાનો ચેક લખેલ હોય અને જે વણચુકવ્યો પરત ફરે તેમજ સદર ચેક ચેકની તારીખથી કાયદેસરની મુદ્દતમાં રજુ કરેલ હોય અને ચેક પરત ફર્યાની ચેક લખનારને દિન–૩૦ માં નોટીસ આપેલ હોવા છતા નિયમ સમયમાં રકમન ચુકવે તો એન.આઈ.એકટની કલમ: ૧૩૮ નો ગુનો બને છે.

ભારતીય સાક્ષ્ય અધિનીયમની  કલમ ૫૩ ની જોગવાઈ ધ્યાને લેતા સ્વીકારેલ હકીકતો પુરવાર કરવાની જરૂર નથી. બચાવ પક્ષે આંક:૧૬ થી રજુ કરેલ ચેક આરોપીના ખાતાનો ન હોય તેવી તકરાર લીધેલ નથી. તેમજ આંક:૧૬ થી રજુ થયેલ ચેકમાં પોતાની સહી ન હોવા બાબતે પણ તકરાર લીધેલ નથી. તેમજ ફરીયાદીએ નિયમ સમયમાં ચેકો જમા કરાવેલ નથી તે તેઓને નિયત સમયમાં નોટીસ આપેલ નથી તેવી પણ તકરાર લીધેલ નથી. જેથી માત્ર પક્ષકારો વચ્ચે ફરીયાદ વાળો ચેક આરોપીએ સમગ્ર અથવા અંશત: દેવા કે જવાબદારી પેટે આપેલ હતો કે કેમ ? તેનો નિર્ણય કરવાનો છે.

(૧૨)નામદાર સુપ્રિમ કોર્ટે કે.પ્રકાશન વી.પી.કે.સુરેન્દરણ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, The Act

raises two presumptions; firstly, in regard to the passing of consideration as contained in Section 118 (a) therein and, secondly, a presumption that the holder of cheque receiving the same of the nature referred to in Section 139 discharged in whole or in part any debt or other liability. Presumptions both under Sections 118 (a) and 139 are rebuttable in nature. Having regard to the definition of terms proved and disprovedas contained in Section 3 of the Evidence Act as also the nature of the said burden upon the prosecution vis- vis an accused it is not necessary that the accused must step into the witness box to discharge the burden of proof in terms of the aforementioned provision.(Para 12)

(૧૩)નામદાર સુપ્રિમ કોર્ટે રંગપ્પા વિ.શ્રી મોહનના ચુકાદામાં ઠરાવેલ છે કે,Section 139 is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies the strong criminal remedy in relation to the dishonour of the cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. The Court however, further observed that it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose money is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the defendant accused cannot be expected to discharge an unduly high standard of proof". The Court further observed that it is a settled position that when an accused has to rebut the presumption under Section 139 the standard of proof for doing so is all preponderance of probabilities.

**ના.સુપ્રિમ કોર્ટના ચુકાદા બસલીગપ્પા વી.મુદીબસપ્પા ૨૦૧૯(૫)એસસીસી ૭૧૮ ના ચુકાદામાં ઠરાવેલ છે કે,** "23. We having noticed the ratio laid down by this Court in the above cases on Section 118(a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:

23.1. Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a

presumption that the cheque was for the discharge of any debt or other liability.

23.2. The presumption Under Section 139 is a rebuttable presumption and the onus is on the Accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

23.3. To rebut the presumption, it is open for the Accused to rely on evidence led by him or the Accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

23.4. That it is not necessary for the Accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden.

23.5. It is not necessary for the Accused to come in the witness box to support his defence."

(૧૪)ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાનુ ઝિણવટભરી રીતે મુલ્યાંકન કરતા, ફરીયાદી અને આરોપી વર્ષોથી એક બીજાને ઓળખતા હોય અને મીત્રતાના સંબંધ હોય આરોપીને ખેતી તથા સામાજીક પ્રસંગ માટે નાંણાની જરૂરીયાત હોય ફરીયાદી પાસે હાથ ઉછીના રૂા.૧,૫૨,૦૦૦/– ની માંગણી કરેલ.ફરીયાદીએ આરોપીની માંગણી મુજબ રૂા.૧,૫૨,૦૦૦/– આરોપીને રોકડા હાથ ઉછીના આપેલ અને આરોપી બન્ને વચ્ચે તા.૧૫–૪–૨૦૨૩ ના રોજ નોટરીશ્રી સમક્ષ પ્રોમીશરી નોટ લખી આપેલ.જે રકમ ચુકવી આપવા ફરીયાદ વાળો ચેક આપેલ હતો.જે ચેક ફરીયાદીએ જમા કરાવતા પરત ફરેલ.જેથી ચેકની રકમ ચુકવી આપવા આરોપીને નોટિસ આપતા ચેકની રકમ ચુકવી આપેલ ન હોય હાલની ફરીયાદ કરેલ છે.ફરીયાદીના મૌખીક પુરાવાનુ ખંડન કરવા આરોપી તર્ફે ઉલટ તપાસ કરેલ નથી.તેમજ આરોપીની પ્લી લેવામાં આવેલ ત્યારબાદ આરોપી હાજર રહેલ નથી કે આરોપી તર્ફે વકીલશ્રીએ ફરીયાદીની ઉલટ તપાસ કરેલ નથી.ફરીયાદી તથા આરોપી વચ્ચે થયેલ પ્રોમીસરી નોટનુ અસલ લખાણ આંક:૧૫ થી રજુ કરેલ છે.જે નોટરી થયેલ છે અને ફરીયાદી તથા આરોપીના ફોટા તથા સહી થયેલ છે.જે દસ્તાવેજી પુરાવાનુ પણ ખંડન થયેલ નથી.તેમજ ફરીયાદ પક્ષના પુરાવા અંતે આરોપીના વિશેષ નિવેદન માટે કેશ રાખેલ હોય

આરોપી હાજર રહેતા ન હોય  ફરીયાદ પક્ષની એફ.એસ.નો હક બંધ કરવાની અરજી આધારે હક બંધ કરી કેશની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.જેથી આરોપી તર્ફે ફરીયાદીની ઉલટ તપાસ કરેલ ન હોય કે બચાવમાં કોઈ પુરાવા રજુ કરેલ ન હોય ફરીયાદ પક્ષે એન.આઈ.એકટ ની કલમ ૧૧૮ તથા ૧૩૯ નુ અનુમાન ખંડન કરવામા નિષ્ફળ ગયેલ છે. બચાવ પક્ષે ફરીયાદી પક્ષ તર્ફેના એન.આઈ.એકટની કલમ ૧૧૮ તથા ૧૩૯ ના અનુમાનનુ ખંડન કરવા માટે જાતે જુબાની આપવી જરૂરી નથી પરંતુ માત્ર પોતાનો પ્રોબેબલ ડીફેન્સ રજુ કરવાનો છે. બચાવ પક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરેલ નથી જેથી ફરીયાદીની તરફેણમાં કરવામાં આવેલ એન.આઈ.એકટની કલમ ૧૧૮ તથા ૧૩૯ નુ અનુમાન ખંડન કરવામાં નિષ્ફળ ગયેલ છે.નામદાર સુપ્રિમ કોર્ટે સુમન શેઠી વી.અજય કે ચૌરીવાલ અને બીજાના ચુકાદમાં ઠરાવેલ છે કે,the legislative intent as evident from Section 138 of the Act is that if for the dishonoured cheque demand is not met within 15 days of the receipt of the notice the drawer is liable for conviction.

ના.સુપ્રિમ કોર્ટના ચુકાદા ઈન્ડીયન બેંક એસોસીયેશન વી.યુનીયન ઓફ ઈન્ડીયાના ચુકાદામાં એન.આઈ.એકટની કલમ–૧૩૮ ના કેશમાં નીચે મુજબના નિર્દેશ આપેલ છે.

**DIRECTIONS:**

1) Metropolitan Magistrate/Judicial Magistrate (MM/JM), on the day when the complaint under Section 138 of the Act is presented, shall scrutinize the complaint and, if the complaint is accompanied by the affidavit, and the affidavit and the documents, if any, are found to be in order, take cognizance and direct issuance of summons.

2) MM/JM should adopt a pragmatic and realistic approach while issuing summons. Summons must be properly addressed and sent by post as well as by e-mail address got from the complainant. Court, in appropriate cases, may take the assistance of the police or the nearby Court to serve notice to the accused. For notice of appearance, a short date be fixed. If the summons is received back un-served, immediate follow up action be taken.

3) Court may indicate in the summon that if the accused makes an application for compounding of offences at the first hearing of the case and, if such an application is made, Court may pass appropriate orders at the earliest.

4) Court should direct the accused, when he appears to furnish a bail bond, to ensure his appearance during trial and ask him to take notice under Section 251 Cr.P.C. to enable him to enter his plea of defence and fix the case for defence evidence, unless an application is made by the accused under Section 145(2) for re- calling a witness for cross-examination.

(5) The Court concerned must ensure that examination-in-chief, cross-examination and re-examination of the complainant must be conducted within three months of assigning the case. The Court has option of accepting affidavits of the witnesses, instead of examining them in Court. Witnesses to the complaint and accused must be available for cross-examination as and when there is direction to this effect by the Court.

22. We, therefore, direct all the Criminal Courts in the country dealing with Section 138 cases to follow the above-mentioned procedures for speedy and expeditious disposal of cases falling under Section 138 of the Negotiable Instruments Act.

ઉપરોકત ના.સુપ્રિમ કોર્ટના નિર્દેશો ધ્યાને લેતા ચેક રીટર્નની ફરીયાદોના કેશમાં ઝડપી નીકાલ થાય તે માટે નિર્દેશો આપેલ છે. આરોપી જાતે કોર્ટમાં હાજર થયેલ છે અને પોતાની સામેના આક્ષેપનો ઈનકાર કરી ખાનગી વકીલ રોકી બચાવની માંગણી કરેલ છે. **જેથી સદર કેશની જાણ હોવા છતા ઈરાદા પુર્વક હાજર રહેલ નથી કે ચેકની રકમ ચુકવી આપેલ નથી. જેથી આરોપીને પોતાની સામેના કેશની જાણ હોવા છતા ઈરાદા પુર્વક ફરીયાદીના કેશને વિલંબ કરવાના આશયથી ગેરહાજર રહેલ છે. જેથી આરોપીને ગેરહાજરીના કારણે કોર્ટ આરોપી કેશ ચલાવવા માટે આવે તેની રાહ જોઈ બેસી રહે તે ન્યાયી તથા ઉચીત નથી.** તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનું **શરદ જેઠાલાલ સાવલા વીરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓ** સી.આર.એમ.એ. નં. ૧૯૮૬૨ ઓફ ૨૦૧૫, જી.એલ.આર. હાઈકોર્ટ ૧ ૦૦૦૬૦૪૪ નો ચુકાદો ધ્યાને લેતાં જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, That there

is No illegality as regards the pronouncement of the judgment and order of conviction and sentence in the absence of the applicant accused.The judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Sub section (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.

The trial Court committed no error in issuing a non-bailable warrant of arrest having noticed that the accused was not present at the time of pronouncement of the judgment and order of conviction and sentence. in view of the provisions of Section 418(2) of the Cr.P.C. when the accused sentenced to imprisonment is not present in the Court, the Court has to issue a warrant of his arrest and the sentence shall commence on the date of his arrest.

In the absence of the convict accused, the learned advocate appearing for him cannot prefer an application under Section 389(3) of the Code for suspension of the sentence to enable the convict accused to prefer an appeal before the Sessions Court.

જેથી આ કામના આરોપી ઈરાદા પુર્વક કેશની કાર્યવાહીથી દુર કહેલ છે.જેથી આરોપીની ગેરહાજરીના કારણે ફરીયાદ પક્ષને અન્યાય કરી શકાય નહી. જેથી ફરીયાદી પક્ષેની દલીલોનો સ્વીકાર કરી **મુદ્દા નં. ૧ તથા મુદ્દા નં. ૨ નો જવાબ '' હ કા ર માં '' આપી આપી મુદ્દા નં. ૩ માટે નીચે મુજબ નો આખરી હુકમ** કરવામાં આવે છે.

**: : હુ ક મ : :**

(૧) આરોપી **વાટુકીયા જગદીશભાઇ ખીમાભાઇ** ઉ.વ:૨૦,ધંધો:ખેતીકામ,રહે.શેખરડી,તા. વાંકાનેર, જી.મોરબીનાઓને સંહિતા ની કલમ ૨૭૮(૨) અન્વયે એન.આઈ.એકટ ની કલમ: ૧૩૮ મુજબ ના ગુનામાં તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ ચેકની રકમ રૂા. ૧,૫૨,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ બાવન હજાર પુરા) વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીને જજમેન્ટની નકલ વિના મુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી હાજર ન હોય

આરોપી સામે બી.એન.એસ.એસ કલમ ૪૫૮(૨) મુજબ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ હુકમ તા. ૨૬ માહે : મે, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૨૬/૦૫/૨૦૨૬<br>
મુ.વાંકાનેર

(વિરેન્દ્રસિંહ શનાભાઈ ઠાકોર)<br>
એડીશ્નલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ<br>
કોડ નં. જી.જે.૦૧૨૨૪